ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

વિકાસના નામે વિનાશ ? | 30 કરોડનો પ્રોજેક્ટ પાંચ વર્ષ પહેલા શરૂ થયા બાદ છેલ્લા ત્રણ વર્ષથી 'સ્ટોપ' મોડમાં પડ્યો છે

પેટલાદમાં અધૂરો ઓવરબ્રિજ જનતા માટે 'ફાંસો' બન્યો

સર્વિસ રોડના અભાવે એમ્બ્યુલન્સ-ફાયર ફાઈટર પણ પ્રવેશી શકતા નથી

રોષે ભરાયેલા નાગરિકોનું પાલિકામાં હલ્લાબોલ

(પ્રતિનિધિ) પેટલાદ તા. ૧૦

પેટલાદના એસટી સ્ટેન્ડ સામે આવેલું ફાટક એલસી ૨૯ ઉપર પાંચ વર્ષથી ઓવરબ્રીજનું કામ ચાલુ છે. પરંતુ આ બ્રિજનું કામ છેલ્લા ત્રણ વર્ષથી અધુરૂ હોવાથી પાલિકાના વોર્ડ નં.2ની પ્રજા ત્રાહિમામ થઈ ગયા છે. તેમાંય આંબેડકર સ્ટેચ્યુ તરફના ઓવરબ્રીજ પાસે સર્વિસ રોડની કોઈ જ વ્યવસ્થા નહીં હોવાના કારણે સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જેથી આજરોજ સ્થાનિક લોકોએ ચીફ ઓફીસરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

પેટલાદમાં એસટી સ્ટેન્ડ સામે રેલ્વે ફાટક એલસી ૨૯ આવેલું છે. જેના ઉપર ઓવરબ્રીજ બનાવવાનું કામ વર્ષ ૨૦૨૧માં શરૂ થયું હતું. આંબેડકર સ્ટેચ્યુથી શાસ્ત્રી ગંજના દરવાજા સુધી આ ઓવરબ્રીજ બનનાર છે. અંદાજીત રૂપિયા ત્રીસ કરોડના ખર્ચે તૈયાર થનાર ઓવરબ્રીજનું કામ છેલ્લા ત્રણેક વર્ષથી સ્થગિત થઈ ગયું છે. જેને કારણે આ ઓવરબ્રીજની આંબેડકર સ્ટેચ્યુ તથા કાલકાગેટ એમ બંને તરફના સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ, રાહદારીઓ વગેરે ત્રાહીમામ પોકારી ગયા છે. ઓવરબ્રીજનું કામ બંધ હોવાથી રસ્તાઓ બિસ્માર હાલતમાં છે. તેમાંય ઓવરબ્રીજની આજુબાજુ સર્વિસ રોડની કોઈ જ વ્યવસ્થા નહીં હોવાથી સ્થાનિક રહીશો, વેપારીઓ અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ચોમાસામાં દિવસો સુધી આ વિસ્તાર પાણી અને ગંદકીમાં ગરકાવ હોય છે. આવી સ્થિતીમાં પાંચ વર્ષ થયાં હોવા છતાં ઓવરબ્રીજનું કામ મંદ ગતિએ ચાલી રહ્યું છે. હજીપણ આ ઓવરબ્રીજ પૂર્ણ થઈ પ્રજા માટે ક્યારે ખુલ્લો મુકાશે તે અંગે તંત્ર ચુપકીદી સેવે છે.

આ સમસ્યાથી વોર્ડ નં.2ના આંબેડકર સ્ટેચ્યુ તરફની તમામ સોસાયટી વિસ્તારના અસંખ્ય લોકો, વેપારીઓ પ્રભાવિત છે. જેથી આ સ્થાનિકોના એક પ્રતિનિધી મંડળ દ્વારા આજરોજ નગરપાલિકાના ચીફ ઓફીસર કૃણાલ પટેલને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સર્વિસ રોડની વહેલામાં વહેલી તકે વ્યવસ્થા કરી આપવા માંગણી કરવામાં આવી છે.

આ આવેદનમાં જણાવ્યું હતું કે અધુરા ઓવરબ્રીજને કારણે સર્વિસ રોડની સુવિધા નહીં હોવાથી આ વિસ્તારમાં એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા વાહનો પણ સમયસર પહોંચી શકતા નથી, જે ખૂબ જ ગંભીર સમસ્યા છે. આ સમસ્યાઓનો વહેલીતકે ઉકેલ લાવવા સ્થાનિક રહીશોએ રજુઆત કરી હતી.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

રસ્તાના અભાવે વેપાર - રોજગારને માઠી અસર

અધુરા ઓવરબ્રિજને કારણે રસ્તા બિસ્માર છે. સર્વિસ રોડની કોઈ જ વ્યવસ્થા નથી. સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા પુરતા પ્રમાણમાં નથી. જેને કારણે છેલ્લા પાંચ વર્ષથી અહીંયાના નાના મોટા વેપારી રોજગાર ઠપ્પ થઈ જવાના આરે છે. રોજે રોજનું કમાઈને પેટીયું રળતા અનેક પરિવારો બેરોજગારીના ખપ્પરમાં ખૂંપાઈ રહ્યા છે. સ્થાનિક રહીશો અને વેપારીઓએ આજે ચીફ ઓફીસરને રજુઆત કરતા કહ્યું હતું કે શહેરને બ્યુટીફિકેશન કરવા અનેક કામો તાબડતોબ કરવામાં આવે છે, તો વોર્ડ નં.2ના આ વિસ્તારોના વિકાસ માટે અમારી સાથે શા માટે ઓરમાયું વર્તન કરવામાં આવે છે ?

પશુપાલકો રહેતા નથી છતાં રખડતાં ઢોરોનો ત્રાસ

પેટલાદના વોર્ડ નં.2ના આંબેડકર સ્ટેચ્યુ પાસે સવારે અને સાંજે શાકભાજીની દુકાનો, લારીઓ, પાથરણાંઓ વાળા અડીંગો જમાવીને બેસી જાય છે. જેઓ જ્યાં ત્યાં શાકભાજીનો કચરો ફેંકતા હોય છે. જેથી રખડતા ઢોર ગંદકી ફેલાવે છે. જેમાંથી દુર્ગંધ મારતા મચ્છરોનો ઉપદ્રવ થાય છે. આ વિસ્તારમાં પહેલેથી જ અધુરો ઓવરબ્રિજ, રસ્તા અને સફાઈની સમસ્યા છે. ઉપરથી રખડતા ઢોરોનો ત્રાસ સ્થાનિક લોકોને સહન કરવો પડે છે.

ઓવરબ્રિજનું કામ પાલિકા નથી કરતું - સીઓ

આજરોજ વોર્ડ નં.2ના આંબેડકર સ્ટેચ્યુ તરફના રહીશો અને વેપારીઓના આવેદન અંગે પાલિકાના ચીફ ઓફીસર કૃણાલ પટેલે જણાવ્યું હતું કે ઓવરબ્રિજનું કામ નગર પાલિકા નથી કરતા, તે કામ સરકારના જીયુડીએમ વિભાગ દ્વારા થઈ રહ્યું છે. પરંતુ સફાઈ, સર્વિસ રોડ, નડતરરૂપ વૃક્ષો, રખડતા ઢોર જેવી સમસ્યાઓનું વહેલીતકે નિરાકરણ લાવવામાં આવશે.

આણંદમાં 'કટ' મારવા જતાં યુવકે જીવ ગુમાવ્યો

ગણેશ બ્રિજ પર અકસ્માતમાં વઘાસીના યુવકનું કરૂણ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ શહેરના ગણેશ બ્રિજ પાસે ગઈકાલે બપોરે એક અત્યંત કરૂણ અને કમકમાટીભર્યો માર્ગ અકસ્માત સર્જાયો હતો. ચીખોદરા ચોકડીથી ગણેશ ચોકડી વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં એક યુવકે જીવ ગુમાવ્યો છે.

ખેડા ડેપોની એસ.ટી. બસ બોડેલીથી ખેડા તરફ જઈ રહી હતી ત્યારે બપોરે આશરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે ગણેશ બ્રિજ ચડતી વખતે આ ઘટના બની હતી. બસ જ્યારે ફોર્ચ્યુનર ગાડીને ઓવરટેક કરી રહી હતી, ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલા એક્ટિવા ચાલક તીર્થ મનોજકુમાર પટેલે (રહે. વઘાસી) ફોર્ચ્યુનર અને બસની વચ્ચેથી નીકળવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન એક્ટિવા ફોર્ચ્યુનરના પાછળના ભાગે અથડાતાં તીર્થે કાબૂ ગુમાવ્યો હતો અને તે સીધો જ એસ.ટી. બસના પાછળના ટાયર નીચે આવી ગયો હતો. ટાયર માથા પર ફરી વળતાં ગંભીર ઈજાઓને કારણે તીર્થનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ એસ.ટી. બસના કંડક્ટરે તુરંત ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી. આણંદ શહેર પોલીસે મૃતક એક્ટિવા ચાલક વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન હંકારવા બદલ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૃતક તીર્થ પટેલના માતાનું થોડા સમય પૂર્વે જ અવસાન થયું હતું. પત્ની બાદ હવે જુવાનજોધ એકના એક પુત્ર અને ઘડપણની લાકડી સમાન તીર્થનું પણ અકસ્માતમાં મોત થતાં પિતા મનોજભાઈ પટેલ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

૧૭મી ઓગસ્ટે સવારે ૮ થી બપોરે 3 સુધી મતદાન પ્રક્રીયા હાથ ધરાશે

બોરસદની સહકારી કૃષિ બેંકમાં પ્રથમ વખત ચૂંટણી, ૮ ઉમેદવાર વચ્ચે જંગ

કોંગ્રેસના એકહથ્થું પ્રભુત્વને ભાજપનો પડકાર

માન્ય કરાયેલ ૩૮૪ મતદારો પ્રથમવાર મતદાન કરશે

(પ્રતિનિધિ) બોરસદ તા ૧૦

બોરસદના સહકારી રાજકારણમાં હવે વર્ષો જૂના એક હથ્થુ પ્રભુત્વ અંગે તર્કવિતર્ક વહેતા થયા છે. કારણ કે ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ.ની બોરસદ શાખામાં ઈતિહાસમાં પ્રથમવાર ચૂંટણી યોજાવા જઈ રહી છે. ૧૯૫૧માં સ્થાપના થયેલી આ બેંકની બોરસદ શાખામાં અત્યાર સુધી ચૂંટણી યોજાઈ જ નહોતી. પરિણામે વર્ષોથી કોંગ્રેસના નેતાઓના હાથમાં શાખાની સત્તા અને પ્રતિનિધિત્વ કેન્દ્રિત રહ્યું છે. હવે પ્રથમવાર મતદારોને મતાધિકાર ધ્વારા પ્રતિનિધિ પસંદ કરવાની તક મળી છે.

અત્રે ઉલ્લેખનીય છે કોંગ્રેસના દિગ્ગજો માટે પહેલીવાર સીધો પડકાર ઉભો થયો છે. બોરસદની શાખામાં વર્ષોથી કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ રાજેન્દ્રસિંહ પરમાર અને નટવરસિંહ મહિડાનું પ્રભુત્વ રહ્યું છે. પરંતુ હવે પ્રથમવાર ભાજપ પ્રેરિત ઉમેદવારોએ મેદાનમાં ઉતરીને કોંગ્રેસના દિગ્ગજો સામે ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે. ચૂંટણી હવે માત્ર સહકારી સંસ્થાની ચૂંટણી રહી નથી. આ ચૂંટણી બોરસદમાં કોંગ્રેસના વર્ષો જૂના સહકારી પ્રભાવ સામે ભાજપની સીધી ટક્કર સમાન બની છે.

આ ચૂંટણીનું જાહેરનામું બહાર પડ્યા બાદ ૫મી ઓગસ્ટ ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખ હતી. કુલ ૧૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જે પૈકી ૧૦ ઉમેદવારો માન્ય રહ્યા હતા. જોકે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસ ૧૦ ઓગષ્ટના રોજ બે ઉમેદવારી પરત લેવાતાં ૮ ઉમેદવારો ચુંટણી જંગમાં રહ્યા છે.

આ ચૂંટણી કોંગ્રેસ માટે માત્ર એક સહકારી બેઠકની ચૂંટણી નથી. વર્ષોથી રહેલું પ્રભુત્વ જાળવી રાખવું કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. જો ભાજપ અહીં મજબૂત દેખાવ કરે તો બોરસદના સહકારી રાજકારણમાં કોંગ્રેસના એકહથ્થું પ્રભુત્વને મોટો રાજકીય ફટકો પડી શકે છે. જોકે ૩૮૪ મતદારો આઠ ઉમેદવારોનુ ભાવિ નક્કી કરશે કે બોરસદની સહકારી બેંક પર કોનો દબદબો રહેશે.

ચૂંટણીમાં જંગમાં ઝંપલાવનાર ઉમેદવાર

ભાઈલાલભાઈ મેલાભાઈપટીયાર, તુષારભાઈ ગોરધનભાઈ પટેલ, નટવરસિંહ સરદારસિંહ મહીડા, રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર, રમેશભાઈ છોટાભાઈ ઠાકોર, વિક્રમસિંહ ઇન્દ્રજીતસિંહ ગોહિલ, દેવીસિંહ પ્રભાતસિંહ ડાભી, બાબુભાઈ મરઘાભાઈ ઠાકોર

સંતરામપુર પાસે બાઈકની ટક્કરે પ્રૌઢનું કરુણ મોત

દુકાન બહાર બેઠેલા પ્રૌઢને પુરઝડપે આવતી બાઇકે અડફેટે લઇ ચાલક ફરાર

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૦

સંતરામપુર તાલુકાના મોલારા ગામે શનિવારે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગામની એક કરિયાણાની દુકાન બહાર બેઠેલા ૪૪ વર્ષીય પ્રૌઢને પુરઝડપે આવતી મોટરસાઇકલે જોરદાર ટક્કર મારતા તેમનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોલારા ગામના રહેવાસી મગનભાઇ વાઘાભાઇ ગરાસીયા (ઉ.વ. ૪૪) શનિવારે બપોરે બારેક વાગ્યાના સુમારે ગામમાં આવેલી કરિયાણાની દુકાન પાસે રોડની સાઇડમાં બેઠા હતા. આ દરમિયાન કંકાસીયા તરફથી પુરઝડપે આવતી એક મોટરસાઇકલ (નંબર GJ 20 BN 0971) ના ચાલકે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે હંકારી મગનભાઇને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં મગનભાઇને મોઢાના તેમજ જમણા પગના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ બાઇકચાલક પોતાનું વાહન મૂકીને અથવા નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટના અંગે મૃતકના ભાઈ સામજીભાઈએ સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે વાહન નંબરના આધારે અકસ્માત કરનાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે. સંતરામપુરમાં ધૂમ બાઇક ટક્કરે અકસ્માતનું પ્રમાણ વધ્યું છે.

વડતાલધામમાં ૪૦ દિવસીય દિવ્ય હિંડોળા મહોત્સવનો ભવ્ય પ્રારંભ



સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલ ખાતે આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ અને વરિષ્ઠ સંતોના હસ્તે વાજતે-ગાજતે ૪૦ દિવસીય હિંડોળા ઉત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આગામી ૧૧મી સપ્ટેમ્બર સુધી ચાલનારા આ મહોત્સવમાં ભક્તોને વિવિધ નવીનતમ કલાત્મક હિંડોળા અને પ્રદર્શનોના દર્શનનો દિવ્ય લાભ મળશે. આ વર્ષે નિષ્કુળાનંદ સ્વામી દ્વારા તૈયાર કરાયેલ 'બાર બારણાનો પ્રસાદીનો હિંડોળો' અને ભગવાનના વિવિધ લીલા ચરિત્રો દર્શકો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. રામ દરબાર, શિવ દરબાર અને રંગોત્સવ જેવી સુંદર કલાબક્ષી મૂર્તિઓ તેમજ ૧૧૫મી રવિ સભાના આયોજન સાથે આ ઉત્સવનો ભક્તિમય પ્રારંભ થયો છે. - **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

કપડવંજ શહેરમાં તોલમાપમાં ગેરરીતિ સબબ ૧૭ દંડાયાં

વેપારીઓ પાસેથી ૧૪ હજારનો દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા. ૧૦

કપડવંજમાં કાનૂની તોલમાપ નિયંત્રણ વિભાગની કચેરી લાંબા સમયની નિષ્ક્રિયતા બાદ અચાનક જાગીને ધડાધડ તપાસ કરીને વજનકાંટા અને માપદંડોની ગેરરીતિ બદલ કુલ ૧૭ એકમો પાસેથી ૧૪,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવતા ગેરરીતિ આચરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ખેડા જિલ્લાના તોલમાપ વિભાગના સીનિયર ઇન્સ્પેક્ટર ઘનશ્યામ વસાવા અને જુનિયર ઇન્સ્પેક્ટર એન.કે. રોહિત દ્વારા ગત ૫મીના રોજ કપડવંજના વિવિધ વેપારી એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન મોટાભાગના એકમોમાં વજનકાંટાની નિયત સમય મર્યાદામાં ફેર-ચકાસણી કે મુદ્રાંકન કરાવેલ ન હોવાનું માલૂમ પડ્યું હતું.

આ તપાસ દરમિયાન જે.બી. મહેતા હોસ્પિટલ રોડ પર આવેલા રાજેશ વાસણ ભંડાર, શિવ શક્તિ સ્ટીલ, મહાદેવ સ્ટીલ સેન્ટર અને સોમાણી બ્રધર્સ જેવા વાસણના વેપારીઓને વજનકાંટાની ક્ષતિ બદલ દંડ ફટકારાયો હતો. કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા ઉત્તમ ક્લોથ સ્ટોર્સ અને અરીહંત વસ્ત્રાલયમાં સ્ટીલ લેન્થ મેઝર્સની ચકાસણી ન હોવા બદલ કાર્યવાહી કરાઈ હતી. આ ઉપરાંત શ્રી મારુતિ કુરિયર પાસેથી ૨,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. હનુમાનપુરા અને ગોપાલપુરા વિસ્તારમાં પણ તપાસ લંબાવવામાં આવી હતી, જ્યાં રામદેવ ગ્રહ ઉદ્યોગમાં પેકેઝડ કોમોડીટીઝ રજીસ્ટ્રેશનનો અભાવ જોવા મળ્યો હતો.

આણંદમાં ત્રિમાસિક પરીક્ષા વચ્ચે વિદ્યાર્થીઓ સ્વાધ્યાયપોથી વિહોણા

નવા સત્ર શરૂ થયાને ૨ માસ વિત્યા છતાં સ્વાધ્યાય પોથી મળી નથી, ૧૭મીથી કસોટીનો પ્રારંભ

(પ્રતિનિધિ) આણંદ તા ૧૦

આણંદ સહિત રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ સત્રની ત્રિમાસિક કસોટી અને પ્રથમ સત્રાંત કસોટીનું આયોજન કરાયુ છે.

તમામ સરકારી પ્રાથમિક શાળામાં પરીક્ષા ૧૭ ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટ દરમિયાન યોજાશે અને તમામ સરકારી અને ખાનગી શાળાઓ એકસમાન અથવા કેટલીક શાળામાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ આપેલા સમયપત્રક મુજબ પરીક્ષા લેવાની રહેશે તેમ શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી ૭ દિવસ પછી ત્રિમાસિક પરીક્ષા શરૂ થનાર છે.પરંતુ હજુ સુધી આણંદ જિલ્લામાં સરકારી શાળાના વિદ્યાર્થીઓને સ્વાધ્યાય પોથી મળી નથી. ઉપરાંત કેટલીક શાળામાં નવા જે બાળકો આવ્યા તેમાંથી અમુકને હજુ પાઠ્ય પુસ્તક પણ બાકી છે.

હાલ સ્વાધ્યાયપોથી ન આવતા વિદ્યાર્થીઓ સાથે સાથે શિક્ષકોની મુજવણમાં પણ વધારો થયો છે.

ધો. 3 થી 5 પરીક્ષાનુ ટાઈમટેબલ

૧૮ ઓગસ્ટ-ગુજરાતી
૧૯ ઓગસ્ટ -ગણિત
૨૦ ઓગસ્ટ-હિન્દી પ્રથમ
૨૧ ઓગસ્ટ - પર્યાવરણ
૨૪ ઓગસ્ટ- અંગ્રેજી પ્રથમ
૨૫ ઓગસ્ટ -પ્રથમ ભાષા મરાઠી, ઉર્દુ, તમિલ

ધો .6થી ૮ પરીક્ષાનુ ટાઈમટેબલ

૧૭ ઓગસ્ટ -સામાજિક વિજ્ઞાન
૧૮ ઓગસ્ટ-ગુજરાતી
૧૯ ઓગસ્ટ-ગણિત
૨૦ ઓગસ્ટ - હિન્દી પ્રથમ
૨૧ ઓગસ્ટ -વિજ્ઞાન
૨૨ ઓગસ્ટ -સંસ્કૃત
૨૪ ઓગસ્ટ - અંગ્રેજી
૨૫ ઓગસ્ટ -પ્રથમ ભાષા મરાઠી, ઉર્દુ, તમિલ

કૃષિ યુનિ.નું 'પશુની ગર્ભાવસ્થા તપાસતી કિટ' માટે રાષ્ટ્રિય સન્માન

પશુપાલકોનો ખર્ચ ઘટાડતી 'બિગનાનો વેન્ચર્સ'ની નવીન શોધને કેન્દ્રીય મંત્રીના હસ્તે એવોર્ડ

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૦

આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત એઆઈસી આણંદ ફાઉન્ડેશન ખાતે તાલીમ પામેલા સ્ટાર્ટઅપ 'બિગનાનો વેન્ચર્સ' એ રાષ્ટ્રીય ફલક પર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત 'એક્ઝીબીશન અને ઇન્ટરેક્સન સેશન વિથ સેલેક્ટેડ ગ્રાસરૂટ ઈનોવેટરસ' કાર્યક્રમમાં આ સ્ટાર્ટઅપને તેની પશુ ઉપયોગી નવીન શોધ માટે સન્માનિત કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી પસંદ કરાયેલા ૨૬ ગ્રાસરૂટ ઈનોવેટર્સમાં સ્થાન મેળવી આ સ્ટાર્ટઅપે કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીના મહત્વને સાબિત કર્યું છે.

આ સફળતા પાછળનું મુખ્ય આકર્ષણ સ્ટાર્ટઅપના સ્થાપક કોમલ કલંત્રી દ્વારા વિકસાવવામાં આવેલી 'અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ' છે. સામાન્ય રીતે પશુઓમાં ગર્ભાવસ્થાની જાણ મોડી થવાને કારણે પશુપાલકોને આર્થિક નુકસાન વેઠવું પડે છે. આ નવીન કિટ અત્યંત સરળ, કિફાયતી અને પશુઓમાં ગર્ભાવસ્થાની વહેલી ઓળખ કરવામાં સક્ષમ છે, જેનાથી પશુપાલકો બિનજરૂરી ખર્ચ ઘટાડી શકશે અને પશુ વ્યવસ્થાપન અંગે ત્વરિત નિર્ણય લઈ શકશે.

આ પ્રોજેક્ટની ક્ષમતાને જોઈને ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા 'રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના' હેઠળ નાણાકીય રોકાણ પણ પૂરું પાડવામાં આવ્યું છે. આ સન્માન સમારોહ દરમિયાન ઈનોવેટર્સે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સમક્ષ પોતાના પ્રોજેક્ટ રજૂ કર્યા હતા અને દેશના અગ્રણી વૈજ્ઞાનિકો તેમજ નીતિ આયોગના સીઈઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીની સેક્શન-૮ કંપનીના સીઈઓ નિકુંજ સોની પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સિદ્ધિ દર્શાવે છે કે આણંદ કૃષિ યુનિવર્સિટી માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ ખેડૂતો અને પશુપાલકોના પાયાના પ્રશ્નો ઉકેલતા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવામાં પણ અગ્રેસર છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225